## ગાંધીનગરના જન્મ દિવસે સ્મરણ યાત્રા

# નોટીફાઈડથી મહાનગરની મહાયાત્રાની વણકથી વાતો...

ગાંધીનગર, તા. ૧

ઉદ્યાનનગરી તરીકે ઓળખાતા રાજ્યના પાટનગરની કેટલીક વાતો વણકથી છે. અહિ ૧૯૭૦માં રચાયેલ નોટીફાઈડ એરિયા સમિતિની ત્રણ વખત સરકારે રચના કરી હતી. ૭૦માં અધિકારીઓ આ સમિતિમાં હતા આ પછી ૧૯૮૪માં કેટલાક સામાજિક અગ્રણીઓને જોડ્યા હતા પરંતુ ૧૯૮૮માં આ સમિતિની પુનઃ રચના કરી સામાજિક સંસ્થાઓ, વેપારી આગેવાનો અને કર્મચારી આગેવાનોને સમિતિના સભ્ય બનાવ્યા હતા.

૨-૮-૬૫ માં આ નગરની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી પરંતુ નગરનું નામાભિધાન ૨૩-૧૨-૬૯ના રોજ થયુ હતુ. ૩૦-૭-૭૦માં અહિ ઓફિસોનું સ્થળાંતર થઈ વસવાટ શરૂ થયો હતો.

૧૬-૩-૨૦૧૦ના રોજ હાઈકોર્ટના આદેશ પછી મનપાની રચના કરવાની જાહેરાત સરકારે વિધાનસભામાં કરી હતી અને ૧-૫-૧૦ ના રોજ મનપાની વિધિવત્ રચના થઈ હતી.

ટાઈપના બંગલામાં કાર્યરત હતી આ પછી સે. ૧૭ ખાતે તેને જગ્યા ફાળવવામાં આવતાં તે ત્યારથી ત્યાં કાર્યરત છે. હવે તાલુકા વધ્યા પછી કચેરી નાની પડે છે તેવી ફરિયાદ સરકાર પણ સાંભળતી નથી.

- **ઈન્દિરા, રાજીવ, રાહુલ ગાંધીનગર આવ્યા છે**

૧૯૬૯માં કોંગ્રેસના ભાગલા પછી સે. ૯ ખાતે કોંગ્રેસના અધિવેશનમાં ભાગ લેવા ઈન્દિરા ગાંધી આવ્યા હતા. સે. ૫ માં પંચાયતી રાજના સૌથી મોટા સંમેલનમાં ભાગ લેવા રાજીવ ગાંધી આવ્યા હતા અને ચૂંટણી પ્રચારને લઈ રાહુલ ગાંધી બે વાર ગાંધીનગર આવી ગયા છે.

- **ભાજપના બે રાટ્રીય અધિવેશન થયા**

ગાંધીનગરમાં ભાજપના બે રાષ્ટ્રીય અધિવેશન યોજાઈ ગયા છે. કેશુભાઈ પટેલ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે પરિવર્તન નગર બનાવી અહિ અધિવેશન મળ્યુ હતુ. એ પૂર્વે ગાંધીનગર ટાઉનહોલમાં અધિવેશન મળ્યુ હતુ



જેમાં એકાત્ય માનવવાદની વાત બાજપાઈએ રજુ કરી હતી.

- **ગાંધીનગરમાં વિધાનસભાના બે સ્થાન**

ગાંધીનગર રાજ્યનું પાટનગર બન્યા પછી હાલ સે. ૧૭ ના મધ્યસ્થ ગ્રંથાલયમાં રાજ્ય વિધાનસભા બેસતી હતી. આ પછી તેનુ સંકુલ બનતાં તે ત્યાં ખસેડવામાં આવી હતી.

- **સચિવાલય પણ બે**

ગાંધીનગરમાં રાજ્યનું સૌથી મોટુ વહીવટીય સંસ્થાન સચિવાલય પહેલાં જીવરાજ મહેતા ભવનમાં કાર્યરત હતુ આ પછી સરદાર પટેલ સંકુલના નિર્માણ બાદ સચિવાલય ત્યાં કાર્યરત થયુ હતુ.

- **રાજ્યસભામાં બે વખતના ક્રોસ વોટીંગ પછી ચૂંટણીઓ રસપ્રદ થઈ**

૧૯૮૪ ના અરસામાં ભાજપના શંકરસિંહ વાઘેલાની તરફેણમાં કોંગ્રેસના ૧૨ થી વધુ ધારાસભ્યોએ ક્રોસ વોટીંગ કરી સૌથી વધુ મતે વિજયી બનાવ્યા હતા. એ વખતે ચૂંટણી સે. ૧૭ ના મધ્યસ્થ ગ્રંથાલયના સંકુલમાં યોજાઈ હતી. તે વખતે રાજ્યના મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી હતા.

આ પછી રાજ્યના મુખ્યમંત્રી પદે ચીમનભાઈ પટેલ હતા ત્યારે ભાજપના શ્રીમતિ આનંદીબેન પટેલ અને કનકસિંહ માંગરોળા ૪૦ થી પણ વધુ મત મેળવી વિજયી થયા હતા.

- **સદસ્ય નિવાસ પાંચમીવાર બનશે**

ગાંધીનગર શહેરમાં સદસ્ય નિવાસ પાંચમીવાર બનશે. સૌ પહેલા ૧૭/૨૨ નજીક સદસ્ય નિવાસ હતુ. આ પછી આ સદસ્ય નિવાસ સે. ૯ માં હાલ એરફોર્સ છે ત્યાં ખસેડવાનું હતુ પરંતુ સભ્યોએ નારાજગી વ્યક્ત કરતાં સે. ૧૭ માં નવુ બનાવ્યુ હતુ. સે. ૧૭ ના સદસ્ય નિવાસને લઈ ફરિયાદો ઉઠતાં પુનઃ સે. ૨૧માં સદસ્ય નિવાસ બનાવાયુ અને હવે અદ્યતન સુવિધાઓ સાથે પુનઃ સે. ૧૭ માં ૧૦૦ કરોડના ખર્ચે બનાવાશે.

- **કલેક્ટર કચેરીએ ત્રણ સ્થાનાતંર કર્યા**

જિલ્લા કલેક્ચર કચેરી પહેલી જીવરાજ મહેતા ભવનમાં કાર્યરત હતી આ પછી સેવાસદન ખાતે તેને ખસેડવામાં આવી હતી. કલેક્ટર કચેરીનું નવુ સંકુલ તૈયાર થતાં તે હવે ત્યાં ક્રાયરત છે.

- **જિલ્લા પંચાયત પણ બે સ્થાને**

ગાંધીનગર જિલ્લો જ્યારે એક તાલુકાનો હતો ત્યારે જિલ્લા પંચાયત સે. ૩૦ ના જીવન

- **સરકારમાં બળવા ત્રણ વાર થયા**

કોંગ્રેસે મુખ્યમંત્રી તરીકે ઘનશ્યામભાઈ ઓઝાની નિયુક્તી કરતાં ચીમનભાઈ પટેલે બળવો કર્યો હતો અને તે બળવો પંચવટીના નામે ગાજ્યો હતો.

ચીમનભાઈ પટેલ જનતાદળના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના જ પક્ષના સભ્યોએ બળવો કર્યો હતો અને વડોદરા નજીકના એક ફાર્મ હાઉસમાં રખાયા હતા.

કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે શંકરસિંહ વાઘેલાએ બળવો કર્યો હતો અને સભ્યોને પહેલા વાસણ મહાદેવ નજીક અને ત્યારબાદ ખજુરાહો સભ્યોને લઈ જવાયા હતા.

- **ગાંધીનગર રેલ્વે સ્ટેશન ત્રણવાર રિ-ડેવલપ થયુ**

ગાંધીનગર રેલ્વે સ્ટેશનની પણ એક આગવી ઓળખ છે. ૧૯૮૫ થી ૮૮ ના ત્રણ વર્ષના સતત દુષ્કાળને પગલે ગાંધીનગરથી સ્પેશ્યલ વૉટર ટ્રેન દોડાવી હતી જેણે સૌરાષ્ટ્રની તરસ છીપાવી હતી.

આ પછી કેન્દ્ર સરકારે ગાંધીનગર રેલ્વે સ્ટેશનના ડેવલપમેન્ટ માટે પતંગની ડિઝાઈન પસંદ કરી હતી અને તેની કચેરીનું બાંધકામ કર્યુ હતુ.

હમણાં રેલ્વે સ્ટેશનનું રિ-ડેવલપમેન્ટ કરાયુ અને ગાંધીનગર સ્ટેશને વૈશ્વિક આકર્ષણોમાં સ્થાન બનાવ્યુ. એરસ્પેસ હોટલ પ્લેટફોર્મ પર બનાવવામાં આવી અને વડાપ્રધાન મોદીએ તેનુ વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યુ છે.

ગાંધીનગરમાં રેલ્વેની ટિકિટ પણ ત્રણ સ્થાનોએથી મળે છે. રેલ્વે સ્ટેશન, જુના સચિવાલય અને વિધાનસભા સંકુલ ખાતે તેની બુકિંગ ઓફિસ છે.

- **હોસ્પિટલ પણ બે સ્થાનો**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહેલાં સે. ૨૧માં શાક માર્કેટ સામે હતી આ પછી સિવિલ હોસ્પિટલ બની સે. ૧૨માં બની ત્યાં આવી ત્યારબાદ ગાંધીનગર મેડિકલ કોલેજ થતાં હોસ્પિટલનો વિસ્તાર થયો. ૨૦૦ બેડની હોસ્પિટલ હાલ ૮૦૦ બેડની છે.

# ગાંધીનગરના દરેક ઘરમાંથી સુકો અને ભીનો કચરો અલગ કરીને જ આપવા અપીલ

**ભીના કચરામાંથી ખાતર બનાવવા અને સુકા કચરાને રી-સાયકલ અથવા રી-યુઝ કરવા માટે અલગ કરવાનું અનિવાર્ય છે : મહાનગરપાલિકા દ્વારા કમિશનરનો પત્ર અને સુકા-ભીના કચરાની સમજ આપતા સ્ટિકર ઘરે ઘરે પહોંચાડવા ઝુંબેશ શરૂ કરાઈ : મનપા કમિશનર ડો. ધવલ પટેલની જાહેર અપીલ**

ગાંધીનગર, તા. ૧

પર્યાવરણની સુરક્ષાનો મુદ્દો વૈશ્વિક ચિંતાનો વિષય છે અને દુનિયાભરમાં ઉત્પન્ન થતા વિવિધ કચરાનો નિકાલ વૈજ્ઞાનિક ઢબથી કરવા પર વિશેષ ભાર મુકાઈ રહ્યો છે. ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના નગરજનોને મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલ દ્વારા ઘરેથી જ સુકા અને ભીના કચરાને અલગ પાડીને કચરા ગાડીને આપવા માટે અપીલ કરાઈ છે. તંત્ર દ્વારા કમિશનરનો પત્ર અને સુકા-ભીના કચરાની સમજ આપતા સ્ટિકર ઘરે ઘરે પહોંચાડવા ઝુંબેશ શરૂ કરાઈ છે. પેથાપુર, કોલવડા, વાવોલ સહિતના વિસ્તાર બાદ રવિવારે રજાના દિવસે વિવિધ સેક્ટરમાં ઝુંબેશ ચાલુ રખાઈ હતી.

મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલે જણાવ્યું કે પર્યાવરણનું જતન કરવા માટે પહેલું પગથિયું સ્વચ્છતાના માર્ગેથી ચઢી શકાશે. તેના માટે બાયોડીગ્રેબલ મતલબ કે જેનું વિઘટન થઈ શકે છે, તેવા



ભીના કચરામાંથી ખાતર બનાવી શકાય છે અને નોન બાયોડીગ્રેબલ એટલે કે જેનું વિઘટન થઈ શકતું નથી તેવા સુકા કચરાને રી-સાયકલ અથવા રી-યુઝ કરી શકાય છે. પરંતુ તેમ કરવા માટે કચરાને અલગ કરવાનું અનિવાર્ય છે. આથી ગાંધીનગરના દરેક પરિવારને તેના ઘરેથી જ સુકો અને ભીનો કચરો અલગ કરીને આપવા માટે અપીલ કરી છે.

ભારતમાં આ દિશામાં સફળતા મેળવવા માટે કેન્દ્ર સરકારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ નામનો કાયદો વર્ષ-૨૦૧૬ થી અમલી કરાયો છે. આવનારી પેઢીને સ્વચ્છ પર્યાવરણ આપવા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત 'એક પગલું સ્વચ્છતા તરફ'નો નારો તો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપ્યો છે. ઉપરોક્ત કાયદામાં કચરો ઉત્પન્ન કરનાર દ્વારા જ કચરાને અલગ અલગ એકત્ર કરવા અને સંગ્રહ કરવાની વાત અત્યંત સ્પષ્ટતાથી જણાવવામાં આવેલી છે.

કચરાનું વર્ગીકરણ નહીં કરનારની સેવાઓ સ્થગિત કરી શકાય છે

ગાંધીનગરને સ્વચ્છ રાખીને પર્યાવરણને સુરક્ષિત કરવા તંત્ર દરરોજ દરેક ઘરે કચરા ગાડી મોકલીને ૧૦૦ ટનથી વધુ કચરો એકત્ર કરે છે. તેના વૈજ્ઞાનિક ઢબે નિકાલ માટે ઉત્પત્તિના સ્થળેથી જ કચરાને અલગ કરવામાં આવે તે અનિવાર્ય છે. હાલમાં તે અંગે તંત્રના અધિકારી દરેક ઘરે જઈને સમજ આપીને સહકાર માગી રહ્યાં છે. આગામી દિવસોમાં દરેક પરિવાર દ્વારા જ જો કચરાનું યોગ્ય વર્ગીકરણ કરવામાં નહીં આવે તો મ્યુનિસિપલ કોર્પોરેશન તેવા ઘરેથી કચરો લઈ જવાની સેવા સ્થગિત કરી શકે છે.

# મુખ્યમંત્રી વિજય રૂપાણીનો આજે ૬૫મો જન્મદિવસ

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો આજે ૨ જી ઓગસ્ટે



૬૫મો જન્મદિવસ છે. તેમના શાસનના પણ પાંચ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. પ્રગતિશીલતા, પારદર્શકતા, સંવેદનશીલતા અને નિર્ણાયકતા આ ચાર પાયા ઉપર તેમણે ગુજરાતના શાસનની ધૂરા સંભાળી. સ્વભાવનું સૌજન્ય અને સંસ્કારનો ઉજાશ એ વ્યક્તિત્વના ઊંડાણમાંથી ઉઠતો રણકાર છે. પ્રતિકૂળતા કે દુન્યવી પીડા એ રણકારને નથી બોદો બનાવી શકતાં કે નથી પડકારી શકતાં. ધૈર્ય અને સ્મિતની સાક્ષીએ પ્રગટ થતો પ્રભાવ વિજયભાઈના નેતૃત્વનું નજરાણું છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી કોઈ એક પક્ષના નહિ પણ સમગ્ર ગુજરાતના મુખ્યમંત્રી છે, ત્યારે જન્મદિવસે પાઠવીએ ખૂબ ખૂબ શુભકામનાઓ.

# પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી તરીકે રત્નાકરની નિમણૂક થઈ

**છેલ્લા એક દાયકાથી વધારે ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી તરીકે ભીખુભાઈ દલણીયા કામ કરી રહ્યા છે**

ગાંધીનગર,તા.૧

ભાજપના સંગઠનમાં પ્રદેશ પ્રમુખનું જેટલું મહત્વ છે તેના જેટલું જ મહત્વ સંગઠન મહામંત્રીનું હોય છે. સંગઠન મહામંત્રી તરીકે રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના પ્રચારકને બનાવામાં આવે છે. છેલ્લા એક દાયકાથી વધુ ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી તરીકે ભીખુભાઈ દલણીયા કામ કરી રહ્યા છે. સુરેશ ગાંધી પછી ભીખુ ભાઈ દલસાણીયા સંગઠન મહામંત્રી તરીકેની જવાબદારી નિભાવી રહ્યા હતા.પરંતુ હવે બિહાર ભાજપના સહસંગઠન મહામંત્રી રત્નાકરને ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ સાથે જ પ્રદેશ ગુજરાત ભાજપના સંગઠનમાં છેલ્લુ પરિવર્તન પણ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર. પાટીલના કાર્યકાળમાં જ થઈ ગયું છે. નવનિયુક્ત સહસંગઠન મહામંત્રી રત્નાકરની વાત કરવામાં આવે તો, મૂળ ઉત્તરપ્રદેશના દેવરિયા જિલ્લામાં જન્મેલ, રત્નાકર સંઘના જિલ્લા અને વિભાગના પ્રચારક રહ્યા છે. તેમને




બિહારમાં સહ-સંગઠન મહામંત્રીનો હવાલો આપવામાં આવ્યો હતો. રત્નાકર અત્યાર સુધી યુપીમાં કાશી અને ગોરખપુર પ્રદેશના પ્રાદેશિક સંગઠન મંત્રીના પદ પર હતા. આ પહેલા તેઓ વિદ્યાર્થી પરિષદ સાથે પણ જોડાયેલા હતા. બિહારના સંગઠન મહામંત્રી નાગેન્દ્રનાથ સાથે પણ તેમના સારા સંબંધો છે. આ જ કારણ છે કે તેમને મુઝફ્ફરપુરની જવાબદારી મળી હતી.

# શહેરના ૫૭મા જન્મદિવસે સંતો-મહંતોના આર્શીવાદ

ગાંધીનગર તા ૩૧

જે મહાપુરુષે તપ ત્યાગ, સત્ય અહીંસા ના વ્રતને આત્મસાત કરીને દેશની સેવા કરી છે એવા પુ ગાંધીજીના નામે વસેલુ આ રાજધાનીનુ નગર એટલે ગાંધીનગર..અહીં પાંચ દાયકાથી વસાવાટ દરમિયાન મેં



અનુભવ્યુ છે કે આ શહેરમાં માત્ર રાજય વહીવટ જ નહીં પણ સંસ્કૃતિના અનેક સંસ્થાનો ધબકી રહ્યા છે. જયાંથી સાંસ્કૃતિક વિચારોનો પ્રચાર પ્રસાર થાય છે. એટલે જ અહીં વસતા લોકોને આદર્શ નાગરિક કહી શકાય. ગાંધીનગરની વર્ષગાંઠ નિમિત્તે નગર વિકાસ અને જનસુખાકારીની પ્રાર્થના સાથે સૌ નગરજનોને મારી શુભેચ્છા પાઠવુ છુ.

**ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી**,પંચદેવ મંદિર

●●●

ગાંધીનગરમાં વર્ષ ૧૯૭૭ થી વસવાટ છે... આ શહેરની ગરિમા સચવાય તો ધરતી પરનુ સ્વર્ગ છે. નગરના રહીશોએ પણ શહેરની ગરિમા જાળવવાને પોતાનુ કર્તવ્ય સમજે તે અનિવાર્ય છે. શહેર સાથે ચાર દાયકાથી વધુ વસવાટ કરવાના અનુભવો



છે. ત્યારે નગરના સ્થાપના દિવસે એટલી જ પ્રાર્થના છે કે નગરની સર્વ રીતે પ્રગતિ થાય .. નાગરિકોને પરમ આનંદની અનુભુતિ થાય..ધર્મ અને કર્મની આ ભુમિ સૌના માટે સદાય સુખદાયી બને તેવી પ્રભુને પ્રાર્થના..

**હરિકેશવદાસજી સ્વામી**
સે-૨૩ સ્વામિનારાયણ મંદિર

●●●

ગામ નગર કે શહેર કોઈ વ્યકિત કે સમુહના વિચાર , નિર્ણય, સંકલ્પનુ મુર્તિમંત સ્વરૂપ છે. આપણી આંખ સામે ધબકતા ગાંધીનગરનો આજે સ્થાપના દિન છે તે આપણા સૌ માટે ગૌરવપુર્ણ આનંદનો અવસર છે. ગાંધીનગરે વિવિધ ક્ષેત્રે ઉડાન ભરી વિશ્વફલક પર પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યુ છે. જગત રચિયતા ઈશ્વરે અહીં પ્રકૃતિની મોકળા મને અને ખુલ્લા હાથે લ્હાણી કરી છે.



આયોજનબધ્ધ નગરના રહેવાસીઓ સમયબધ્ધ અને શિસ્તબધ્ધ છે. કોરોનાની મહામારીમાં પણ અહીંના બધા એકજુથ થઈને રહ્યા. નગરની અનેક સામાજિક અને સેવાકીય સંસ્થાઓએ જરૂરી તમામ સહાય પુરી પાડી. એકબીજાને ટેકો અને બળ પુરા પાડયા છે. આ કપરા સંજોગોમાં સરકારની માર્ગદર્શિકાનુ ચુસ્તપણે પાલન કરી પોતાનુ સ્વાસ્થ્ય જાળવવીએ અને સૌથી મહત્વનુ ઈશ્વર પર દ્રઢ શ્રધ્ધા અને સમર્પણ થકી માનસિક સ્વાસ્થ્ય જાળવીએ. ગમતીલુ ગાંધીનગર અને નગરવાસીઓ દિન પ્રતિદિન સર્વાંગી ઉત્કર્ષ સાધે પ્રભુચરણે પ્રાર્થના સહ શુભેચ્છાઓ

**ગુરુમાં સમાનંદ સરસ્વતી,** સમદર્શન આશ્રમ

●●●

ગાંધીનગરને તા ૨ ઓગષ્ટના રોજ ૫૬ વર્ષ પુરા થશે. નગરના જન્મદિવસ નિમિત્તે તમામ શહેરીજનોને ખુબ ખુબ બધાઈ.. આટલા વર્ષોમાં સરકાર, વહીવટી તંત્ર, સર્વ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ તેમજ શહેર અને જિલ્લાના તમામ નાગરિકોના પ્રયાસથી નગરનો વિકાસ થયો છે અને વિશ્વમાં નામ રોશન કર્યુ છે. પરમપિતા પારમાત્માના આર્શીવાદથી હજુ આપણે સૌ સાથે મળીને સ્વર્ણિમ ગાંધીનગર બનાવીને જ રહીશુ એવી આજના દિવસે દ્રઢ પ્રતિજ્ઞા કરીએ છીએ. આપણા સૌના , સુંદર અને પ્યારુ ગાંધીનગર દીન દુની અને રાત ચૌગુની પ્રગતિ કરે વિકાસ કરે એવી બ્રહ્માકુમારીઝ પરિવારની શુભકામના છે.



**બી કે કૈલાશ,** બ્રહ્માકુમારીઝ


## બેસણું



મારા ધર્મ પત્નિ

**અ.સૌ. મિનાક્ષીબેન રમેશભાઈ પટેલ**

નું તા. ૩૧-૭-૨૦૨૧ ને શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું સદ્ગતનું બેસણું તા. ૩-૮-૨૦૨૧ ને મંગળવાર ના રોજ સવારે ૧૦-૦૦ થી બપોરે ૨-૦૦ કલાક સુધી નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : આકરૂન્દ સ્વામિનારાયણ મંદિર હોલ, મુ. પો. આકરૂન્દ, તા. ધનસુરા, જિ. અરવલ્લી**
**મો. ૯૮૨૫૮૦૧૯૩૧, ૯૭૨૪૧૩૫૪૨૭**

**લિ.**
**રમેશભાઈ મોતીભાઈ પટેલ (આર.એમ. પટેલ)**
**(નિવૃત્ત ડેપ્યુટી કમિશ્નર, વડોદરા મહાનગરપાલિકા)**
**અક્ષય રમેશભાઈ પટેલ (પુત્ર) ક્રિષ્ણા અક્ષય પટેલ (પુત્રવધુ)**
**તથા સમસ્ત રેવાભાઈ હાથીભાઈ પટેલ પરિવાર, આકરૂન્દ**


# જે કહેવું તે કરવું નો સેવા મંત્ર અમે સાકાર કર્યો : મુખ્યમંત્રી

**''પાંચ વર્ષ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસરતાના''ની થીમના આધારે ''જ્ઞાનશક્તિ દિવસ'' અંતર્ગત મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતેથી રાજ્યભરમાં કુલ ૧૫૧ કાર્યક્રમો યોજવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે રાજ્ય સરકારના સફળ શાસનના પાંચ વર્ષ પૂર્ણ થવાની કોઈ ઉજવણી નહીં, પરંતુ જનસેવા કાર્યોનો સેવાયજ્ઞ આપણે આદર્યો છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે પાંચ વર્ષ આપણી સરકારના સૌના સાથ, સૌના વિકાસના અન્વયે રાજ્યમાં તા. ૧ થી ૯ ઓગસ્ટ સુધી ૧૮ હજાર જેટલા સ્થળોએ ૧૫ હજાર કરોડથી વધુના સેવાકીય કામો, યોજનાના લાભો લાખો લોકોને સામે ચાલીને સરકાર આપવાની છે.

મુખ્યમંત્રીએ આ જન સેવાયજ્ઞ કાર્યક્રમો અન્વયે 'જ્ઞાનશક્તિ દિવસ'માં શિક્ષણ સુવિધાઓના લોકાર્પણ-ખાતમુર્હૂત તેમજ સહાય વિતરણનો મહાત્મા મંદિર, ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ભાજપા પ્રદેશ અધ્યક્ષ અને નવસારીના સાંસદ સી.આર. પાટીલ, મુખ્ય સચિવ અનિલ મુકીમ, મુખ્ય મંત્રીના અગ્ર સચિવ કૈલાસનાથન સહિત શિક્ષણ જગતના અગ્રણીઓ, લાભાર્થી યુવા છાત્રો આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે કોઈપણ રાજ્ય રાષ્ટ્ર કે સમાજની પ્રગતિ, આર્થિક સામાજીક વિકાસ માટે શિક્ષણ જ આધારશીલા છે. સરકારે એટલા માટે જ શિક્ષણને પ્રથમ પ્રાથમિકતા આપીને રૂા.૩૧ હજાર કરોડ જેવું માતબર બજેટ ફાળવ્યું છે.

એટલું જ નહીં ગુજરાતને વિકાસની નવી વૈશ્વિક ઊંચાઈએ લઈ જવા વિશ્વકક્ષાનું શિક્ષણ આપવાની અમારી પ્રતિબદ્ધતા છે.




મુખ્યમંત્રીએ રાજ્ય સરકારે શિક્ષણ સેવા યજ્ઞ સહિત યુવા રોજગારી, મહિલા સશક્તિકરણ, ખેડૂત સમૃદ્ધિ, આદિવાસી વિકાસ જેવા અનેક કાર્યક્રમોના આ જનસેવા યજ્ઞનો વિરોધ કરનારા તત્વોને સાફ શબ્દોમાં જણાવ્યું કે આ વિકાસ યજ્ઞનો તમારો વિરોધ ગુજરાત વિરોધી - વિકાસ વિરોધી માનસિકતા છતી કરે છે.

રાજ્ય સરકારનાં પાંચ વર્ષની ઉજવણીના ભાગરૂપે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્ય સરકારનો ભાગ હોવાનું ગૌરવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે પાંચ વર્ષ પહેલાં મુખ્યમંત્રી પદ સંભાળતી વખતે વિજયભાઈ રૂપાણીએ રાજ્યની જનતાને નિર્ણાયક, સંવેદનશીલ, પારદર્શક અને પ્રગતિશીલ બનવાનાં ચાર વચન આપ્યાં હતાં. તેમના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે આ ચારેય વચન નિભાવ્યાં છે. એટલું જ નહીં, આજનો આ કાર્યક્રમ એ પાંચ વર્ષની ઉજવણી નથી, પરંતુ સરકારે જે કહ્યું હતું તેના કરતાં પણ વધારે કામગીરી કરી હોવાની વાત લોકો સમક્ષ લઈ જવાનો કાર્યક્રમ છે.

'પાંચ વર્ષ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસરતાના''ની થીમના આધારે ''જ્ઞાન શક્તિ દિવસ'' અંતર્ગત આજે ગાંધીનગર ખાતેથી રાજ્યભરમાં કુલ ૧૫૧ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત આજે મુખ્યમંત્રીના હસ્તે રૂ. ૧૩૫ કરોડના ખર્ચે ૩૬૫૯ શાળાઓના તૈયાર થયેલા ૧૨ હજાર જેટલા સ્માર્ટ ક્લાસનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત રૂ. ૯૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૧૦૫૦ શાળાના ઓરડાઓ, રૂ. ૧૦.૨૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૭૧ પંચાયત ઘર, રૂ. ૪.૮૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ધોળકા અને નવસારી તાલુકા પંચાયતના મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યા હતા. જયારે રૂ. ૩૫ કરોડના ખર્ચે નિર્મિત ૨૫૬ માધ્યમિક શાળાઓમાં કમ્પ્યુટર લેબનો શુભારંભ પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યો હતો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com